# ઈસુએ બાલકની ભેટનો ઉપયોગ કરીને ૫૦૦૦ માણસોને જમાડયા.

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, બાળકો આ પાઠ દ્વારા ઉતમ ઘેટાંપાળક જે કરે છે તે સમજે જેથી તેઓ પણ એકબીજાની સેવા કરવા માટે પ્રેમ ભરી કાળજી રાખે.

બાળકોની ઉંમર અને જરૂરિયાત મુજબની બાળકોની પ્રવૃતિઓ પસંદ કરો.

**માર્ક ૬:૩૦-૪૪ માંથી** એક મોટો છોકરો કે શિક્ષક આ વાર્તા મોઢે કહે કે પ્રભુ ઈસુ ઉતમ ઘેટાંપાળકે કેવી રીતે પાંચ રોટલી અને બે માછલી વડે ૫૦૦૦ ભૂખ્યા લોકોને જમાડયા.

નીચેના **પ્રશ્નો પૂછો** (જવાબો માર્ક ૬ માંથી છે)

- ભૂખ્યા લોકો માટે ઈસુને ક્વી લાગણી થઈ ?(૩૪)
- ભૂખ્યા લોકો માટે શું કરવા માટે ઈસુએ શિષ્યોને કહ્યુ ?(૩૭)
- શિષ્યોએ લોકોને પંગતમાં કઈ રીતે બેસાડયા ?(૪૦)
- લોકોને જમાડયા માટે ઈસુએ શેનો ઉપયોગ કર્યો ?(૪૧)
- કેટલું ખાવાનુ વધ્યુ ?(૪૩)



ઇસુએ ૫૦૦૦ ને જમાડયાની વાર્તાના ભાગોનું નાટક બનાવો માર્ક ૬:૩૦-૪૪

સભાના આગેવાની આ નાટક માટે મંજુરી લો. બાળકોને શીખવતી વખતે નાટક છોકરા નાનાોની મદદ કરે.

- **મોટા છોકરા** કે સભાજનો પ્રભુ ઈસુ અને વર્ણન કરનારના પાત્રો ભજવે વાર્તાનું સંક્ષ્પીકરણ કરો અને બાળકોને સંવાદોમાં મદદ કરો.
- નાના બાળકો ભૂખ્યા લોકો અને શિષ્યોના પાત્રો ભજવે શિષ્યોના હાથમાં પિરસવાના પાત્રો હોય.

**વર્ણન કરનાર :** માર્ક ૬:૩૦-૪૪ માંથી વાર્તા કહી સંભળાવે પછી બોલે ‘‘લોકો શું કહે છે તે સાંભળો’’

**લોકો** : ‘આપણે ઈસુની પાછળ જઈએ’
‘ મને તેમનું શિક્ષણ ગમે છે’
‘ તે આપણો ઉતમ ઘેટાપાળક છે’

**શિષ્યો** : ‘ પ્રભુ, હવે લોકોને વિદાય કરો’
‘ તેઓ ભૂખ્યા થયા છે અને અહી ખાવાનું પણ નથી ‘ ઇસુ ‘તમે તેમને જમાડો ‘

**ઈસુ** : ‘‘તેઓને ખાવું આપો.’’

**શિષ્યો** : ‘અમે તેમને ક્વી રીતે જમાડીએ ?’

‘ અમારી પાસે એટલા પૈસા નથી ‘

‘ પૈસા હોત તો પણ અહી ખોરાક વેચતો મળે તેવું સ્થળ નથી ‘

**ઈસુ** : આ  છોકરો મને પોતાનુ ભાથું આપવા રાજી છે હવે લોકોને ટોળાબંધ બેસાડી દો ‘

**લોકો** : જમીન પર બેસી જાય છે

**ઈસુ** : ખોરાક લોકોને પિરસી દે છે

**લોકો** : ખાતા હોય તેવો અભિનય કરે છે તેઓ વાતો કરે છે, બધા માટે પૂરતો ખોરાક છે

‘‘સ્વાદમાં પણ તે ખૂબ સરસ છે’’

‘‘ઘણું વધ્યું પણ છે’’

‘‘વધેલા ખોરાકની બાર ટોપલી ભરાઈ છે’’

‘‘આતો કેવો ચમત્કાર!’’

**વર્ણન કરનાર** અથવા એક માટો છોકરો : નાટકમાં મદદ કરનાર સર્વનો આભાર માને.

**પ્રશ્નો :** જો બાળકોએ આ નાટક મોટાઓ માટે ભજવ્યુ હોય તો તેમને ઉપરના પ્રસ્નો પણ પબછવા દો. આ પ્રશ્નો પૂછો.

- આ સિવાય દેવ બીજી કઈ રીતે લોકોની કાળજી લે છે ?
- બાળકો અથવા સભાજનો દાખલા આપે.
- આજના જમાનામાં દેવના આગેવાનો લોકોને કઈ રીતે તૃપ્ત કરે છે ?

*(જવાબ : દેવના વચન દ્રારા ઈસુએ કહ્યુ માણસ એકલી રોટલીથી જ જીવંતુ નથી પણ દેવના મુખમાથી નીકળતા દરેક પરિક્ષણ કર્યુ ત્યારે ઈસુએ દેવના વચનો વડે જ જવાબો આપ્યા.)*



સાદી માછલી નું **ચિત્ર દોરો** બાળકોને તેની નકલ કરવા દો મોટા છોકરાઓ પાંચ રોટલી અને બે માછલીનું ચિત્ર દોરે.

- બાળકો બીજી ભજનસેવામાં આ ચિત્રો બતાવે અથવા ઘેર પોતાના માબાપને બતાવે.
- બાળકો આ ચિત્રો દ્રારા મોટાઓ અને માબાપને સમજાવે કે પ્રભુ ઈસુ લોકોની જરૂરિયાતો અદભૂત રીતે પૂરી કરે છે
- તેની પણ યાદ અપાવે કે આકાશમાં આપણને કદી ભૂખ લાગશે નહિ.



યોહાન ૬:૫૧ બધા **મુખપાઠ કરે.**

ત્રણ બાળકો ગી.શા.૧૪૬ માંથી બબ્બે કલમો બોલી જાય આ કલમો ૨અને ૬,૭અને ૮ તેમજ ૯અને ૧૦ છે.

દેવના વચનથી લોકો કેવી રીતે તૃપ્ત થઈ શકે તેનુ ગીત મોટા બાળકો બનાવે અઠવાડીયા દરમ્યાન તેઓએ તે કરે

**પ્રાર્થના :** માત્થી ૬ : ૯-૧૩ મુજબની પ્રાર્થના કરો.

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.